# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૧-A તા.૨૯-૮-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય : નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના બાબત.

સંદર્ભ : રાપબો/**NMMS**/૨૦૧૮/૮૯૧૮-૮૯૯૯ તા.૧૮/૦૮/૨૦૧૮.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કેરાજ્યમાં નબળી આર્થિક સ્થિતી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધો.૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના **MHRD,NEW DELHI** તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા તા.૨૩/૧૨/૨૦૧૮ ના રવીવારને રોજ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.આ પરીક્ષા માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઈટ પર તા.૩૦/૦૮/૨૦૧૮ થી તા.૨૯/૦૯/૨૦૧૮ દરમિયાન ઓનલાઈન ભરવાના રહેશે.

આ પરીક્ષામાં ભાગ લીધેલ બાળકોની સંખ્યાના આધારે ગુણોત્સવમાં ગુણભાર નક્કી કરેલ હોવાથી તમારી શાળામાંથી ધોરણ ૮ ના વધારેમાં વધારે બાળકો ભાગ લે તેવા પ્રયત્નો કરવા.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | **www.sebexam.org** વેબસાઈટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવા માટેનો સમયગાળો | ૩૦/૦૮/૨૦૧૮ થી ૨૯/૦૯/૨૦૧૮ |
| ૨ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | ૩૦/૦૮/૨૦૧૮ થી ૫/૧૦/૨૦૧૮ |
| ૩ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો સીઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૬/૧૦/૨૦૧૮ |
| ૪ | સીઆરસી કો.ઓ દ્વારા ચકાસેલા આવેદનપત્રો યાદી સાથે યુઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૮/૧૦/૨૦૧૮ |
| ૫ | યુઆરસી કો.ઓ દ્વારા ઓનલાઈન એપ્રુવ કરીને ઉસ્માનપુરા શાળા નં – ૨ ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૩/૧૦/૨૦૧૮ |
| ૬ | પરીક્ષાની તારીખ | ૨૩/૧૨/૨૦૧૮ |

આ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મોકલેલ જાહેરનામાનો વિગતે અભ્યાસ કરી આવેદનપત્રો ભરવાના રહેશે.

બિડાણ :રાજ્ય પરીક્ષા બોર્ડનું તા.૧૮/૦૮/૨૦૧૮ નું જાહેરનામું.

તા.૨૯-૮-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**“નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના”**

**“National means cum merit Scholarship Scheme”**

**જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૮/૮૯૧૮-૮૯૯૯** **તા:૧૮/૦૮/૨૦૧૮**

રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (N.M.M.S) નામની યોજના MHRD, NEW DILHI તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા **તા:૨૩/૧૨/૨૦૧૮, રવિવારના** રોજ આ શિષ્યવૃત્તિ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા યોજવામાં આવશે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા:૩૦/૦૮/૨૦૧૮ થી તા:૨૯/૦૯/૨૦૧૮ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

## ❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૮/૦૮/૨૦૧૮ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૩૦/૦૮/૨૦૧૮ થી ૨૯/૦૯/૨૦૧૮ |
| ૩ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | ૩૦/૦૮/૨૦૧૮ થી ૦૫/૧૦/૨૦૧૮ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૬/૧૦/૨૦૧૮ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૫/૧૦/૨૦૧૮ |
| ૬ | DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૦/૧૦/૨૦૧૮ |
| ૭ | પરીક્ષા તારીખ | ૨૩/૧૨/૨૦૧૮ |

## ❖ શિષ્યવૃત્તિની રકમ તથા ચૂકવણીના નિયમો :

- પરીક્ષા બાદ જિલ્લાવાર કેટેગરીવાર નિયત ક્વોટામાં મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને માસિક રૂ! ૧૦૦૦/- લેખે વાર્ષિક રૂ! ૧૨૦૦૦/- મુજબ ચાર વર્ષ સુધી નિયત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

- શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી MHRDની ગાઇડલાઇન અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય(એમ.એચ.આર.ડી),ન્યુ દિલ્હી દ્વારા થશે.
- શિષ્યવૃત્તિની રકમ MHRD દ્વારા સીધી જ લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં National Scholarship Portal મારફતે થશે.

## ❖ <u>વિદ્યાર્થીની લાયકાત :</u>

- જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં **<u>સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં</u>** અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ N.M.M.S ની પરીક્ષા આપી શકશે.
- જનરલ કેટેગરી તથા ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીએ ધોરણ-૭ માં ઓછામાં ઓછા ૫૫% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) વિદ્યાર્થીએ ધોરણ-**૭**માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.
- તમામ કેટેગરીના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક રૂ! ૧,૫૦,૦૦૦/-થી વધુ ના હોય તેવા જ વિદ્યાર્થી આ પરીક્ષા આપી શકશે.
- **<u>ખાનગી શાળાઓ (પ્રાઇવેટ શાળા/સેલ્ફ ફાઇનાન્સ શાળા), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય તથા જે શાળાઓમાં રહેવા, જમવા અને અભ્યાસની સગવડ પૂરી પાડવામાં આવતી હોય તેવી રાજ્ય સરકારની સંસ્થાઓ દ્વારા ચાલતી નિવાસી શાળાના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં આવેદનપત્ર ભરી શકશે નહિ.</u>**

## ❖ <u>આવક મર્યાદા :</u>

- એન.એમ.એમ.એસ.ની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ૧,૫૦,૦૦૦/-થી વધારે ના હોવી જોઇએ.વિદ્યાર્થીના આવેદનપત્ર સાથે વાલીની વાર્ષિક આવકના દાખલાની પ્રમાણીત નકલ અવશ્ય જોડવાની રહેશે.

## ❖ <u>પરીક્ષા ફી :</u>

- જનરલ કેટેગરી તથા ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૭૦/- રહેશે.
- પી.એચ.,એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા.૫૦/- રહેશે.
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.
- કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

<u>ફી સ્વીકારકેન્દ્રઃ-</u>

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે. પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઑફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા “ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે “Print Application/Challan” ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of

fee" અથવા Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

## ❖ <u>પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ :</u>

| કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |
| (૨) SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૯૦ | ૯૦ | ૯૦ મિનીટ |

## ❖ <u>અભ્યાસક્રમ:</u>

- MAT બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૯૦ પ્રશ્નો શાબ્દીક અને અશાબ્દીક તાર્કીક ગણતરીના રહેશે. આ પ્રશ્નોમાં સાદ્રશ્ય (Analogy), વર્ગીકરણ (Classification), સંખ્યાત્મક શ્રેણી (Numerical Series), પેટર્ન (Pattern Perception) , છુપાયેલી આકૃતિ (Hidden Figure) વિગેરેનો સમાવેશ થશે.
- SAT શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૯૦ પ્રશ્નોમાં ધોરણ-૭ અને ધોરણ-૮ ના ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયનો સમાવેશ થશે.
    - ધોરણ-૭ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ નો અભ્યાસક્રમ રહેશે.
    - ધોરણ-૮ માટે શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯ નો પ્રથમ સત્રનો અભ્યાસક્રમ રહેશે.

## ❖ <u>ક્વૉલિફાઇંગ ગુણ:</u>

- જનરલ અને ઓ.બી.સી. કેટેગરીના વિદ્યાર્થીઓએ બંન્ને વિભાગમાં કુલ મળીને ૪૦% ગુણ મેળવવાના રહેશે તથા એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓએ બંન્ને વિભાગમાં કુલ મળીને ૩૨% ગુણ મેળવવાના રહેશે.
- ક્વૉલિફાઇંગ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી જિલ્લાવાર-કેટેગરીવાર નક્કી થયેલ ક્વૉટા મુજબ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ જ શિષ્યવૃત્તિ માટે પાત્ર ઠરશે.

## ❖ <u>પી.એચ. કેટેગરીનું વર્ગીકરણ:</u>

- પી.એચ. કેટેગરીનું નીચે દર્શાવેલ અલગ અલગ સબકેટેગરીમાં વર્ગીકરણ રહેશે.
    a) Blindness and Low Vision (BLV)
    b) Deaf and hard of hearing (DH)
    c) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy (LD)
    d) Autism, intellectual disabilities, specific learning disability and mental illness (AID)
    e) Multiple disabilities from amongst persons under clauses (a) to (d) including deaf-blindness in the posts identified for each disabilities (MD)

❖ <u>**કસોટીનું માળખુ:**</u>

- પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે. વિદ્યાર્થી જે માધ્યમ પસંદ કરશે તે માધ્યમનું પ્રશ્નપત્ર આપવામાં આવશે.
- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question-MCQ Based) રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે.
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- **અંધ વિદ્યાર્થીઓને ૩૦ મિનીટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.**

❖ <u>**ઓનલાઇન અરજી કરવાની રીત :-**</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. <u>**તા.૩૦/૦૮/૨૦૧૮ (બપોરે ૧૪.૦૦ કલાક) થી તા:૨૯/૦૯/૨૦૧૮ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)**</u> www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા બાદ ફી ભર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- "Apply online" ઉપર Click કરવું.
- "National means cum merit Scholarship Scheme"- (STD-8)" સામે Apply Now પર Click કરવું.
- <u>**Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.**</u>
- <u>**વિદ્યાર્થીની વિગતો U-DISE Number ના આધારે ભરવાની રહેશે.**</u>
- <u>**શાળાની વિગતો માટે શાળાનો DISE Number નાખવાનો રહેશે.**</u>
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાંJPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Application પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો</u>

સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.

- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટ વે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

## ❖ જરૂરી આધારો / પ્રમાણપત્રો :

**ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ સાથે નીચે મુજબના આધારો/ પ્રમાણપત્રો જોડવાના રહેશે.**

- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)
- આવકના દાખલાની પ્રમાણિત નકલ
- ધોરણ-૭ ની માર્કશીટ અથવા સમકક્ષ પુરાવો કે દાખલો
- જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)
- વિકલાંગતા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો લાગુ પડતુ હોય તો)

## ❖ શાળાએ કરવાની કાર્યવાહી:

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૦૬/૧૦/૨૦૧૮</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

## ❖ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીએ કરવાની કાર્યવાહી:

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર **<u>તા:૧૫/૧૦/૨૦૧૮</u>** ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે તથા તમામ આવેદનપત્રોની હાર્ડકોપી **<u>તા:૧૫/૧૦/૨૦૧૮</u>** સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

## ❖ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીએ કરવાની કાર્યવાહી:

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી **<u>તા:૨૦/૧૦/૨૦૧૮</u>** સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે.

❖ <u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/ શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ <u>સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા લોકલ બોડી</u> શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) આ જાહેરનામાંની નકલ <u>તા-૩૦/૦૮/૨૦૧૮</u> સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
- આ પ્રકારની કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૦૬/૧૦/૨૦૧૮</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૧૫/૧૦/૨૦૧૮</u> ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૦/૧૦/૨૦૧૮</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ <u>અગત્યની સૂચનાઓ ::</u>

- **વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.**
- **અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક, જન્મતારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**
- **જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ થયા અંગેની પ્રેસનોટ આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**
- **વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિદ્યાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**

સ્થળ: ગાંધીનગર

તારીખ:૧૮/૦૮/૨૦૧૮

(પી.એ.જલુ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

➢ **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>**

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- ઉપસચિવશ્રી, એન.એમ.એમ.એસ., એમ.એચ.આર.ડી. વિભાગ, ન્યુ દિલ્હી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૧-B તા.૨૯-૮-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :-પ્રાથમિક (ધોરણ-૬) - માધ્યમિક (ધોરણ-૯) શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો ભરવા અંગે.

સંદર્ભ :- રાપબો/પ્રા.મા.શિ.પ./૨૦૧૮/૮૨૨૮-૮૩૧૦ તા.૨૬-૭-૨૦૧૮

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કેરાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા પ્રાથમિક-માધ્યમિક શિક્ષણશિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો તા.૦૪/૦૯/૨૦૧૮ સુધીમાં www.sebexam.org વેબસાઈટ પર ઓનલાઈન ભરવાના રહેશે.

આ પરીક્ષામાં ભાગ લીધેલ બાળકોની સંખ્યાના આધારે ગુણોત્સવમાં ગુણભાર નક્કી કરેલ હોવાથી તમારી શાળામાંથી ધોરણ ૬ ના વધારેમાં વધારે બાળકો ભાગ લે તેવા પ્રયત્નો કરવા.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | www.sebexam.org વેબસાઈટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવા માટેની અંતિમ સમય | ૦૪/૦૯/૨૦૧૮ |
| ૨ | પરીક્ષા માટેની ફી ભરવાનો અંતિમ સમય | ૦૫/૦૯/૨૦૧૮ |
| ૩ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો સીઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૬/૦૯/૨૦૧૮ |
| ૪ | સીઆરસી કો.ઓ દ્વારા ચકાસેલા આવેદનપત્રો યાદી સાથે યુઆરસી કો.ઓ.ને જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૭/૦૯/૨૦૧૮ |
| ૫ | યુઆરસી કો.ઓ દ્વારા ઓનલાઈન એપ્રુવ કરીને ઉસ્માનપુરા શાળા નં – ૨ ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૫/૦૯/૨૦૧૮ |
| ૬ | પરીક્ષાની તારીખ | ૨૦/૧૦/૨૦૧૮ |

આ સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મોકલેલ જાહેરનામાનો વિગતે અભ્યાસ કરી આવેદનપત્રો ભરવાના રહેશે.

બિડાણ :રાજ્ય પરીક્ષા બોર્ડનું તા.૨૬/૦૭/૨૦૧૮ નું જાહેરનામું.

તા.૨૯-૮-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ./૨૦૧૮/...૪૦
રાજ્ય પરીક્ષા બોર્ડ ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧,ગાંધીનગર
તા.૨૮/૦૮/૨૦૧૮

# નોટીસ

વિષય - પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવા માટેનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ- રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૨૬/૭/૨૦૧૮ના સુધારા જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.પ./૨૦૧૮/૮૨૨૮-૮૩૧૦

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભના જાહેરનામાથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૧૮ માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટેના આવેદનપત્રો www.Sebexam.org વેબસાઇટ પર તા:૦૬/૦૮/૨૦૧૮ થી તા:૨૮/૦૮/૨૦૧૮ દરમિયાન ઓનલાઇન ભરવાના ચાલુ છે. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આ આવેદનપત્રો તા.૪/૯/૨૦૧૮ સુધી ભરી શકાશે.આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉકત સંદર્ભ અનુસાર જાહેરનામા મુજબ યથાવત રહેશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૬/૦૭/૨૦૧૮ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૬/૦૮/૨૦૧૮ થી 07/09/૨૦૧૮ |
| ૩ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | 06/08/૨૦૧૮ થી 07/09/૨૦૧૮ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | 07/09/૨૦૧૮ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડદ્વારા આપવામા આવેલ પોર્ટલ પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમા જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૪/૦૯/૨૦૧૮ |
| ૬ | DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૦/૦૯/૨૦૧૮ |
| ૭ | પરીક્ષા તારીખ | ૨૮/૧૦/૨૦૧૮ |

સ્થળ: ગાંધીનગર
તારીખ:૨૮/૦૮/૨૦૧૮

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

∴ <u>નકલ રવાના અમલાર્થે</u>

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. (તમામ)
    જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ
    જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ શાળાઓને જાણ કરવા સારૂ

(૨) શાસનાધિકારીશ્રી. તમામ (આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ)

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી. (તમામ)

(૪) જનરલ મેનેજરશ્રી. ઇન્ડેક્ષ-બી. ઉદ્યોગ ભવન. ગાંધીનગર

(૫) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

∴ <u>નકલ સાદર રવાના જાણસારૂ.</u>

(૧) અગ્ર સચિવશ્રી. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી. ગાંધીનગર

(૩) નિયામકશ્રી.પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧. ડો.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક-માધ્યમિકશિક્ષણશિષ્યવૃત્તિપરીક્ષા"
"Primary-Secondary Scholarship Exam"

**જાહેરનામું (સુધારો)** ::ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ./૨૦૧૮/૮૨૨૮-૮૩૧૦ તા:૨૬/૦૭/૨૦૧૮

શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના તા.૦૯/૧૧/૧૯૮૪ના ઠરાવ ક્રમાંક:એસ.સી.એચ./ ૧૦૮૯/૪૦૪૯ અન્વયે તા:૧૯/૦૭/૨૦૧૮ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે મળેલ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (શહેરી/ગ્રામ્ય/ટ્રાયબલવિસ્તાર) માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે આગામી તા: ૨૮/૧૦/૨૦૧૮, રવિવારના રોજપરીક્ષા યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તા: ૦૬/૦૮/૨૦૧૮ થી તા: ૨૮/૦૮/૨૦૧૮દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૬/૦૭/૨૦૧૮ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૬/૦૮/૨૦૧૮ થી ૨૮/૦૮/૨૦૧૮ |
| ૩ | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૦૬/૦૮/૨૦૧૮ થી ૨૯/૦૮/૨૦૧૮ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૭/૦૯/૨૦૧૮ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડદ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૫/૦૯/૨૦૧૮ |
| ૬ | DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૦/૦૯/૨૦૧૮ |
| ૭ | પરીક્ષા તારીખ | ૨૮/૧૦/૨૦૧૮ |

❖ <u>ઉમેદવારની લાયકાત :</u>

➢ <u>પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા</u>

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં<u>ધોરણ- ૬</u> માં સરકારી પ્રાથમિક શાળાઓ,લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) ગ્રાન્ટેડ પ્રાથમિકતથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

ધોરણ-પમાં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

➢ <u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા</u>

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં <u>ધોરણ- ૯</u>માં સરકારી માધ્યમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓ, ગ્રાન્ટેડ માધ્યમિક તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

ધોરણ- ૮ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

❖ <u>અભ્યાસક્રમ :</u>

<u>પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા</u>

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧થીપ સુધીનોરહેશે.

<u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા</u>

માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ- ૬થી૮ સુધીનોરહેશે

❖ <u>માધ્યમ :</u>

- પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રશ્ન પેપરોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ <u>પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ : પ્રાથમિક- માધ્યમિકશિક્ષણશિષ્યવૃત્તિપરીક્ષા</u>

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) ભાષા-સામાન્યજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦મિનીટ |
| (૨) ગણિત-વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

<u>નોંધ::</u>અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે.

❖ **પરીક્ષા ફી :**

| ક્રમ | પરીક્ષાનુંનામ | પરીક્ષાફી | માર્કશીટ/પ્રમાણપત્રફી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૨૫/- | ૧૫/- | ૪૦/- |
| ૨ | માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૩૫/- | ૧૫/- | ૫૦/- |

- **સર્વિસ ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.**

❖ **આવક મર્યાદા :**

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૦૬/૦૮/૨૦૧૮ (બપોરના ૧૪.૦૦) થી તા.૨૮/૦૮/૨૦૧૮ (બપોરના ૧૫.૦૦ કલાક સુધી)**દરમ્યાન www.sebexam.orgપર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.orgપર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- "પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) " અથવા " માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા ધોરણ-૯)"સામે Apply Now પર Click કરવું.
- **Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.**
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 Kb)સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને

Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

- હવે Confirm Applicationપર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારીBirth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશેનહી.</u>
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Onlineસ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

❖ <u>શાળાએ કરવાની કાર્યવાહી:</u>

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા-૦૭/૦૯/૨૦૧૮સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ <u>તાલુકાપ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીનીકરવાની કાર્યવાહી:</u>

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા:૧૫/૦૯/૨૦૧૮ સુધીમાં ઓનલાઇન અપ્રુવ કરવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં આવેલ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૧૫/૦૯/૨૦૧૮ સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

<u>નોંધ:</u> આવેદનપત્રો રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન અપ્રુવ કરવા માટેની પદ્ધતિ તથા યુઝર નેમ અને પાસવર્ડ બોર્ડ દ્વારા અલગ પત્રથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીને મોકલી આપવામાં આવેલ છે.

❖ <u>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કરવાની કાર્યવાહી:</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૨૦/૦૯/૨૦૧૮ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ <u>ફી ભરવાની રીત:</u>

- પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપ પ્રિન્ટ કરી આ પે સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKINGથી પણ પરીક્ષા ફી ભરી શકાશે.

❖ <u>જરૂરી આધારો / પ્રમાણપત્રો :</u>

ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/ પ્રમાણપત્રો જોડવાના રહેશે.

- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)

❖ <u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ જાહેરનામાંની નકલતા-<u>૦૬/૦૮/૨૦૧૮</u> સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ના મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા.૦૭/૦૯/૨૦૧૮</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૧૫/૦૯/૨૦૧૮</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૦/૦૯/૨૦૧૮</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **અગત્યની સૂચનાઓ ::**

- ઉમેદવાર અથવા શાળાઓ તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશેતો તે રદ ગણવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિદ્યાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૨૬/૦૭/૨૦૧૮

( પી.એ.જલુ )

અધ્યક્ષ

રાજયપરીક્ષાબોર્ડ

ગાંધીનગર

❖ **નકલ રવાના અમલાર્થે**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ

આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

(૩)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૫) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

❖ **નકલ સાદર રવાના જાણસારૂ.**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

(૩) નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૧-C તા.૨૯ -૮-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :-વંદે ગુજરાત ચેનલ પર શાળા સુરક્ષા કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ :-૧. GIDM/Trg/AP-1/GIDm-UNICEF/School Safety/20568-665

૨. GCERT/DISTANCE EDU/2018-19645-70 Dt.29-8-18

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા UNICEF સ્ટેટ ઓફિસના સહયોગથી  શાળાના શિક્ષકો માટે Orientation Prograam for Teachers on Disaster Management નું ટેલીકાસ્ટ SATCOM વંદે ગુજરાત પરથી તા.૩૦-૮-૧૮ના રોજ ચેનલ નં.૧ પરથી કરવામાં આવનાર છે. જેનો સમય બપોરે ૩-૦૦ થી ૪-૦૦ કલાક રહેશે. આ કાર્યક્રમ નિહાળવા માટે આપની શાળાના તમામ શિક્ષકોને જાણ કરવા આથી જણાવવામાં આવે છે. જેનું શેડયુલ આ સાથે સામેલ છે.

તા.૨૯-૮-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

૯૯૬૪૫-૭૦

सत्यमेव जयते


GCERT/DISTANCE EDU./2018
Vidhyabhavan-Sector-12
Gandhinagar
Director: (Phone) 079 232 56808
Secretary: 079 23256813
e-mail: gcert12@gmail.com
Web : : www.gcert.gujarat.gov.in

Date: 29/8/2018.

પ્રતિ
પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન,તમામ

વિષય: વંદે ગુજરાત ચેનલ પર શાળા સુરક્ષા કાર્યક્રમ નિહાળવા બાબત
સંદર્ભ: GIDM/Trg/AP-1/GIDm-UNICEF/School Safety/20568-665

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત ઇનસ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા UNICEF સ્ટેટ ઓફીસના સહયોગથી શાળાના શિક્ષકો માટે Orientation Programme for Teachers on Disaster Management નુ ટેલીકાસ્ટ SATCOM વંદે ગુજરાત પરથી તા.30/8/18ના રોજ ચેનલ નં-૧ પરથી કરવામાં આવનાર છે. જેનો સમય બપોરે ૩.૦૦ થી ૪.૦૦ કલાક રહેશે.આ કાર્યક્રમ નિહાળવા માટે આપની જિલ્લાના શિક્ષકોને જાણ કરવા આથી જણાવવામાં આવે છે. જેનુ શેડ્યુલ આ સાથે સામેલછે શાળાના તમામ

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ:સંદર્ભ દર્શિત શેડ્યુઅલ
નકલ રવાના
માન. નિયામકશ્રી સદર કચેરી

**A Sensitizationon**

# Orientation Program for Teachers on Disaster Management

**for School Teachers**

$30^{th}$Aug' 2018

Venue: VANDE Gujarat, SATCOM,BISAG

## Schedule

| | |
|---|---|
| **15:00 – 15:02** | **Introduction to the Training Program**<br>Dr. Bina Vadaliya, Assoc. Professor, SIHFW, Health and Family Welfare Dept, Gujarat |
| **15:02 – 15:15** | **Introduction toDisaster Management**<br>Dr. Chintan Pathak, Asst. Professor cum Program Manager, GIDM |
| **15:15 – 15:35** | **Child Centered DRR and Comprehensive School Safety**<br>Dr. Bina Vadaliya, Assoc. Professor, SIHFW, Health and Family Welfare Dept, Gujarat |
| **15:35 – 15:55** | **Significance of School Safety: Gujarat Scenario**<br>Mr. Prashant Makwana, Dist. Project Officer, GSDMA |
| **15:55 – 15:58** | **Question Answer**<br>Education, GSDMA, GIDM, SIHFW, UNICEF |
| **15.58 – 16.00** | **Conclusion and Vote of Thanks**<br>Mr. Susanta Kumar Sahoo, Consultant-DRR, UNICEF<br>Dr. Bina Vadaliya, Assoc. Professor, SIHFW, Health and Family Welfare Dept, Gujarat |

**Gujarat Institute of Disaster Management**
B/h. Pandit Deendayal Petroleum University, Village Raisan, Gandhinagar – 382007
Ph. 079 23275821. Fax 079 23275814